ગાંધીનગર સમાચાર



લીલ જામી - શહેરના બેન્ક વિસ્તારમાં વરસાદને કારણે ભરાયેલા પાણીથી પાર્કિંગ પ્લેસમાં લીલ જામી જતાં ભારે હાલાકી સર્જાય છે... લીલ જામવાને કારણે વાહનચાલકોને વાહન પાર્ક કરવા જવા-આવવામાં મુશ્કેલી પડે છે... બેંક સત્તાવાહકો અને તંત્ર સાથે મળી તાકિદે લીલ હટાવવાની કામગીરી કરવી જોઈએ જેથી ગ્રાહકો અને કર્મચારીઓને અવર-જવરમાં તકલીફ પડે નહિ... આ પ્રકારની લીલથી પગ લપસી પડવાનો ભય સતત વર્તાતો હોવાથી ગ્રાહકો પણ આ વિસ્તારમાં જવાનું ટાળે છે...

# શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનના અભાવે વરસાદી પાણીનો ભરાવો

## વરસાદી પાણીના નિકાલ માટેની લાઇન નાંખવાની યોજના હજુ પણ અભ્યાસુ તબક્કામાં : જવાબદાર એજન્સીએ રીપોર્ટ પણ સુપ્રત કર્યો નથી

ગાંધીનગર તા ૧૧

શહેરના સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. સેકટરોના કોમન પ્લોટ ઉપરાંત આંતરિક માર્ગો આસપાસ પણ વરસાદી પાણી ઉભરાતુ નજરે પડે છે. ત્યારે સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ દાયકાઓના અંતે પણ ઠેકાણુ પડયુ નથી. શહેરના માત્ર ૭ જ સેકટરોમાં જ વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી છે. ત્યારે અન્ય સેકટરોમાં લાઈન નાંખવા માટે સર્વેનુ કામ પણ વર્ષોના અંતે થઈ શકયુ નથી. જેના પરિણામે ધીમીધારના વરસાદમાં પણ જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે.

શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવાનુ કામ વર્ષોથી માત્ર કાગળમાં જ અટવાયેલુ છે. સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ

● અનુસંધાન પાન-૭ પર



## રૂપાણી મંત્રીમંડળના તમામ સભ્યો સાથે શુભેચ્છા મુલાકાતે દિલ્હી જશે

ગાંધીનગર, તા. ૧૧

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમના નવા મંત્રીમંડળના તમામ સભ્યો સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળવા માટે દિલ્હી જશે.

સામાન્યતઃ એવી પરંપરા રહી છે કે મુખ્યમંત્રી બન્યા બાદ મુખ્યમંત્રી પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિની શુભેચ્છા મુલાકાત લેતા હોય છે. મુખ્યમંત્રી રૂપાણીએ પહેલીવાર તેમના મંત્રીમંડળના તમામ સભ્યો સાથે દિલ્હીની શુભેચ્છા મુલાકાતે જવાનો નિર્ણય કર્યો છે.

# સે. ૧૩ની વિસ્થાપિત વસાહતમાંથી વધુ ૬ સાદા ઝાડાના કેસ મળી આવ્યા

## શહેરના આરોગ્ય તંત્ર દ્વારા તાબડતોબ કરાયેલા સર્વેલન્સમાં અત્યાર સુધીમાં ૧૬ કેસ મળી આવ્યા છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સે. ૧૩માં આવેલ વિસ્થાપિતોની વસાહતમાંથી આજે વધુ ૬ સાદા ઝાડાના કેસ તંત્રના સર્વેલન્સમાં મળી આવ્યા છે.

તંત્રએ ગઈકાલે આ વિસ્તારમાંથી મળેલા બે કોલેરાના પોઝીટીવ કેસને પગલે હાથ ધરેલા સર્વેલન્સમાં અત્યાર સુધીમાં ૧૬ જેટલા સાદા ઝાડાના કેસ આ વસાહતમાંથી મળી આવ્યા છે.

શહેરના આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગઈકાલે લેવાયેલ પાણીના નમૂનાને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. જેનું પરિણામ એકાદ-બે દિવસમાં મળી જશે.

દરમ્યાન આજે વસાહતમાં ટેન્કરથી પાણીનો પુરવઠો આપવા ઉપરાંત ક્લોરીનની ટીકડીઓનું વિતરણ કરવામાં આવ્યુ છે તેમજ પાણી ઉકાળીને પીવુ અને સ્વચ્છતા જાળવવા સહિતનું લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે એક-બે દિવસમાં પરિસ્થિતિ સામાન્ય બની જશે.

શહેરના આ વિસ્તારમાં પીવાના પાણીની પાઈપલાઈનમાં લિકેજ છે કે કેમ તે પણ વરસાદ રોકાતા શોધવામાં આવશે કારણ કે હાલ તે શકય નથી. ઉપરાંત આ વિસ્તારમાં હજુ બે થી ૩ દિવસ સુધી ટેન્કરથી જ પાણી આપવામાં આવશે.

પાણીજન્ય રોગચાળાએ આ વખતે ભારે માથુ ઉંચક્યુ છે. જો કે કમળો, ટાઈફોઈડના છુટાછવાયા કેસ મળ્યા છે. શહેરમાં વાઈરલ બિમારીના કેસોની સંખ્યામાં પણ વધારો થયો છે.



શહેરનું વધુ એક આકર્ષણ - શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં એલ.ઈ.ડી. સ્ક્રીન પર સમય સાથે સાથે કેટલાક ગ્રાફીક્સ, વાતાવરણની માહિતી તથા અન્ય ઉપયોગી માહિતી દર્શાવવામાં આવી રહી છે...

# શહેરના સેક્ટર-૭માંથી ફાલ્સીફેરમનો કેસ મળ્યો

## ૧૫૦ જેટલા સ્થાનોએથી એડીસ મચ્છરોના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સે. ૭માંથી એક મહિલાને ઝેરી મેલેરિયા (ફાલ્સીફેરમ)નો કેસ મળી આવ્યો છે. આ મહિલાને ખાનગી તબીબની સારવાર ચાલી રહી છે અને હાલ તેણીની તબિયત સારી હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં પાલ્સીફેરમનો આ બીજો કેસ મળી આવ્યો છે. ગઈકાલે સે. ૨૯ની ઝુંપડપટ્ટીમાંથી ૧૮ વર્ષીય યુવકને ફાલ્સીફેરમ હોવાનું જણાઈ આવ્યું હતું.

દરમ્યાન શહેરી મેલેરિયા તંત્રએ આજે પણ સઘન સર્વેલન્સ અને ચકાસણીની કામગીરી ચાલુ રાખી હતી. જેમાં તેણે ૧૫૦ જેટલા સ્થાનોએથી મળેલા પોરાનો નાશ કરવાની કામગીરી કરી હતી.

શહેરી મેલેરિયા તંત્રની ટીમે આજે શહેરની ૧૪ જેટલી શાળાઓમાં ચકાસણીની કામગીરી કરી હતી અને આ શાળાઓમાં ૧૬૦ જેટલા સ્થાનોની ચકાસણીના અંતે ૭ જેટલા સ્થાનોએથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળી આવ્યા હતા. તંત્રની ટીમે તાત્કાલિક પોરાનાશક કામગીરી ત્યાં કરી હતી.

આ ઉપરાંત તંત્રની ટીમે સે. ૨૫, ૨૮, ૮, ૪, ૨૯ અને ૧૩માં ૩૯૦૦ જેટલા મકાનોની ચકાસણી કરી હતી અને ૭૯૦૦ જેટલા પાત્રો ચકાસતાં ૧૪૨ સ્થાનોએથી પોરા મળી આવતાં પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.

શહેરી વિસ્તારમાંથી પોરા મોટી સંખ્યામાં મળી રહ્યા છે જેથી શહેરીજનો ચિંતાતુર બન્યા છે. શહેરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થામાં સુધાર લાવવા ઉપરાંત મેલેરિયાની જનજાગૃતિ અંગેનું હજુ વધુ સઘન અભિયાન તંત્ર બનાવે તેવી માંગ લોકોમાં ઉઠવા પામી છે.



માવજતનો અભાવ - શહેરના સેક્ટર-૨૭ ખાતે સ્થિત એસ.આર.પી. ક્વૉટર્સ વિસ્તારમાં બનાવેલા બગીચામાં માવજતના અભાવે જંગલી ઘાસ ઉગી જતા હાલત બગડી ગઈ છે... બાળકોને રમવા માટેના સાધનો મુકાયા છતાં માવજતના અભાવે બગીચો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે... આ તો માત્ર નમૂનારૂપ બગીચો છે... બાકી શહેરના મોટાભાગના બગીચાઓની હાલત પણ આવી જ છે....

# જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી માણસા ખાતે યોજાશે

## રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ધ્વજવંદન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં જિલ્લાકક્ષાની ૧૫મી ઓગષ્ટની ઉજવણી માણસા ખાતે કરવામાં આવશે. જ્યાં રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ધ્વજવંદન થશે.

જિલ્લાતંત્ર દ્વારા ૧૫મી ઓગષ્ટની ઉજવણી માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આજે જિલ્લાના અધિકારીઓએ માણસાની મુલાકાત પણ લીધી હતી.

આ ધ્વજવંદન સમારોહમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર સંસ્થા-વ્યક્તીઓનું પણ તંત્ર દ્વારા સન્માન કરવામાં આવનાર છે. મળતી વિગતો પ્રમાણે ધ્વજવંદન સમારોહ પછી મંત્રી દ્વારા જિલ્લા અને તાલુકાની કચેરીઓની મુલાકાત પણ લેવામાં આવનાર છે. ધ્વજવંદન વિધિ બાદ ત્યાં એક વિશેષ પરેડનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાના કલાકારો દ્વારા આ સમારોહમાં રંગારંગ કાર્યક્રમ પણ રજુ કરવામાં આવશે.

# શહેરમાં વરસાદે વિરામ લીધો

## દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ

ગાંધીનગર તા ૧૧

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી ઝરમર વરસતા મેઘરાજાએ આજે વાદળિયા વાતાવરણ વચ્ચે વિરામ લીધો હતો. દિવસ દરમિયાન આકાશમાં વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા પરંતુ વરસાદે દેખા દિધી ન હતી. જિલ્લામાં સિઝનનો ૫૫ ટકા વરસાદ થતા ખેડુતોમાં હર્ષની લાગણી વ્યાપી છે. જયારે સેકટરવાસીઓ વરસાદી સમસ્યાઓથી ત્રસ્ત બન્યા છે.

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી મૌસમ નિખરી છે. સતત વરસતા વરસાદના લીધે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી છે.ગઈકાલે મનમુકીને વરસેલા મેઘરાજાએ આજે વિરામ લેતા સેકટરવાસીઓએ હાંશકારો અનુભવ્યો હતો. સતત વરસાદી માહોલના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. ત્યારે સેકટરમાં કાદવ કિચ્ચડની સાથે ગંદકી સાથે વરસાદી સમસ્યાઓ આમ નાગરિકો માટે હાલાકીનુ કારણ બની છે. છેલ્લા એક સપ્તાહથી ઝરમર વરસતા મેઘરાજા હળવા ભારે ઝાપટા વરસાવી જતા ચોમેર પાણીના ખાબોચિયા ભરાયેલા જોવા મળે છે. ખેતી માટે વરસાદી ઋતુ ફેવરેબલ નિવડતા ખેડુતો ખેતી કામમાં લાગી ગયા છે. ગઈકાલે ૩ ઈંચ વરસાદ નોંધાયા બાદ આજે દિવસ દરમિયાન આકાશમાં ગોરંભાયેલા વાદળો વચ્ચે વરસાદ અદ્રશ્ય રહયો હતો. સતત વરસાદી વાયરાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. બીજીતરફ હરિયાળા નગરમાં વરસાદી ઋતુમાં પ્રકૃતિ પણ નિખરી ઉઠતા આંખોને ઠંડક આપતી ગ્રીનરી નિહાળવા અમદાવાદ સહીત આસપાસના વિસ્તાર માટે ગ્રીનસીટી આકર્ષણનુ કેન્દ્ર બન્યુ છે.

# સ્ટ્રીટ લાઈટના બંધ થાંભલાના લીધે સેકટરોમાં સાંજ ઢળતા જ અંધારપટ્ટ

## સે-૭ માં દિવસે પણ લાઇટીંગ ટાવર ચાલુ રહેતા વિજળીનો વ્યય

ગાંધીનગર તા ૧૧

શહેરમાં વરસાદની સાથે સેકટરોમાં અનેકવિધ નાની મોટી સમસ્યાઓ રહીશો માટે પરેશાની રૂપ બની છે. ત્યારે વરસાદી ઋતુ દરમિયાન સેકટરોમાં લાઈટો ડુલ થવાના પણ કિસ્સા ધ્યાને આવી રહયા છે. તો સેકટરોની શેરીઓમાં ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટો પણ ડુલ જોવા મળી રહી છે. વૃક્ષોના ટ્રીમીંગના અભાવે ડાળીઓ આડશરૂપ બનતા માર્ગો પર અજવાળુ પથરાતુ ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે બંધ સ્ટ્રીટ લાઈટો માટે યોગ્ય પગલા લેવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં વરસાદી ઋતુ નિખરી છે. ત્યારે સેકટરોમાં વરસાદી સમસ્યાઓનો પણ ઢગ ખડકાયો છે. આવા સંજોગોમાં સેકટરમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે ગંદકી તેમજ મચ્છરોનો ઉપદ્રવ વધતા રહીશો માટે રોગચાળાની દ્રષ્ટીએ ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે.

બીજીતરફ સેકટરોમાં ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટો ડુલ થતા સેકટરવાસીઓએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સેકટરોના રીંગ રોડ તેમજ આંતરિક માર્ગો પર ચોમાસા પુર્વે વનતંત્ર દ્વારા વૃક્ષોનુ ટ્રીમીંગ ન કરાતા સ્ટ્રીટ લાઈટો માટે વૃક્ષોના ડાળા આડશ બન્યા છે.

જયારે સેકટરોના કેટલાક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. નવા સેકટરોમાં પણ સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા રહીશોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. બીજીતરફ સે- ૭ ના શોપિંગમાં સ્થિત લાઈટીંગ ટાવર દિવસે પણ ચાલુ રહેતા વિજળીનો વ્યય થતો હોવાનો આક્રોશ પણ ઉદભવ્યો છે. એકબાજુ સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.ત્યારે દિવસે પણ બનિજરૂરી ચાલુ રહેતા લાઈટીંગ ટાવરના લીધે થતો વિજળીનો વ્યય અટકાવવા પણ જાગૃત નાગરિકોએ રજુઆત કરી છે.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com